# કલમે કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ


બરછી કાર્યાલય C/o.ફાઈન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

જાન્યુઆરી–૨૪ | વર્ષ : ૬૦
વર્ષ : જાન્યુઆરીથી ડીસેમ્બર | વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫




ગઝલ.....

પ્રેમમાં હોય શું શરત જેવું.
છોડી દે તું આ મમત જેવું.
તું ગણે છે ભલે રમત જેવું
મારે મન ચાહવું છે વ્રત જેવું.
એતો આવી ચડે ગમે ત્યારે,
યાદને હોય શું વખત જેવું!
માંડું જ્યાં હું હિસાબ શ્વાસોના
નામ તારું વધે બચત જેવું.
છે જરા અઘરું પણ ઉકેલી લઉં,
મૌન છે મનની હસ્તપ્રત જેવું.
શબ્દ ક્યાંથી તેં સાંભળ્યા મારા!
હું તો બોલ્યો હતો સ્વગત જેવું.

- આશ્લેષ ત્રિવેદી.(અમદાવાદ)
મો.નં. 7436006736

હસ કા હસનાર દે!

સૂર સપ્તક જેવાં પોકાર દે

## હે ભગવાન ! ઓ ભગવાન!

- મહેશ ધોળકિયા

ભારતીય અંકશાસ્ત્રમાં આંકડાનું અસાધારણ મહત્વ છે. સાત વાર, દેહના સાત ચક્ર, મંગલ ફેરાના સાત પગલાં, સપ્તર્ષિના તારા અને મેઘ ધનુષ્યના સાત રંગ સાત લોક તથા સાત સાગર વગેરે. આ તો મને ખબર હતી, પણ પ્રભુના આરાધકો અને ઈશ્વર ભક્તો પોતાના ઈષ્ટ ભગવાનને સાત વિવિધ રૂપે પોકારતા હશે તેની મને ખબર નહીં. આપણે તો ભોળા ભાવે એમ જ માનીએ ને કે પરમાત્મા તો એક અને અદ્વિતીય જ હોય. શંકર વેદાંતના મત મુજબ કેવલાદ્વૈત એના પરમ ભક્ત પણ એક એવં અનન્ય. હવે આમ જ હોય તો તેનો પોકાર પણ એક જ હોય ને?

હે ભગવાન!

મેરે તો 'ગિરધર ગોપાલ દુસરો' ના કોઈ પણ આ મારી ભ્રાંતિ નીકળી, અને એનું ખંડન અમારી પડખે રહેતા રામશંકર પ્રસાદ પંડ્યા એ કર્યું મંદિરના પૂજારી અને તેથી ઈશ્વર શ્રદ્ધાળુ તરીકે તેમની ખ્યાતી દૂર સુદૂર ફેલાયેલી પરંતુ આજ સવારે તેમના વિલક્ષણ સ્વર ભારથી ઉચ્ચારાયેલા પ્રભુના નામથી હું ચોંકી ઉઠ્યો જાણે એ રામશંકરપ્રસાદ જ નહીં, એવો નિનાદ ...હે ભ ગ વા ન!

તેમના સ્વરમાં પ્રાર્થનાનો ભાવ ઓછો અને માંગની જીદ -demand- નો આગ્રહ વધુ હતો-

'બચુડા ને ડોક્ટર બનાવો ભગવાન!

આ પ્રતાપી સ્વરનો ટંકાર સાંભળી મારાથી પણ પ્રભુને વિનવણી થઈ ગઈ. સાદ સાંભળજો પ્રભુ ! નહિતર આપનું આ બાળ શું નું શું..!

થોડા દિવસ પછી પરિણામ ખુલ્યું અને સાંભળવા પ્રમાણે એમના બચુડાને ડોક્ટરીમાં પ્રવેશ મળ્યો. પ્રસાદજીના પ્રાસાદમાં પ્રવેશ્યો, પરંતુ પ્રસાદજીના સ્વર ભારે મને દરવાજે જ રોકી રાખ્યો.

હે ભગવાન!

એમાં અપેક્ષા ભંગનો રીસનો રણકો હતો. હે ભગવાન ! તારા ભગતનું આટલું વચન- મેડિકલમાં નહીં ને આયુર્વેદમાં?

-અને 'હું' પગથિયા ઊતરી ગયો!

કોઈ મઠ જેવી ધાર્મિક સંસ્થા માંથી ધનુષ ટંકાર જેવો ઉગ્ર સાદ જ સંભળાય છે-

'હે ભગવાન, ભગવાન આ નાસ્તિકોનો ત્રાસ વધી ગયો છે. ધરતી આઓ વખત એમનો ભાર વેઠી શકે એમ નથી. આપની ત્રીજી આંખ ઉઘાડી એમને બાળીને ભસ્મ કરી નાખો, પ્રભુ! (અનુસંધાન પાના નં. ૬ ઉપર)

*Do your little bit of good where you are; it's those little bits of good put together that overwhelm the world."Choice is yours! All from Mehul Bhatt*

# શ્રી મહેશભાઈ શાંતિભાઈ ધોળકિયા : વિરલ આત્મીય વ્યક્તિત્વ

રાજકોટના માતુશ્રી લેરખબેન અને મુરબ્બી મગનલાલ ગુલાબરાય ધોળકિયાના કુટુંબમાં ચાર પુત્રો અને ત્રણ પુત્રી. તેમાં ત્રીજા નંબરના પુત્ર શાંતિભાઈ ધોળકિયા. માતુશ્રી દીનુબેન અને મુરબ્બી શાંતિભાઈના સંતાનોમાં જ્યેષ્ઠ પુત્ર મહેશભાઈ ધોળકિયા. સંયુક્ત અને સંસ્કારી નાગરશૈલીના કુટુંબમાં ઉછેર થયો મહેશભાઈનો. ઘેઘુર વડલા જેવો વિશાળ પરિવાર. આજે બદલાતા સમય સંજોગોમાં તેની શાખાઓ દેશ-વિદેશમાં વિસ્તરી છે. છતાં પણ સહુ વચ્ચેનો સ્નેહ, સંપ ને લાગણીનો સંસ્કાર વારસો એવો અકબંધ કે સતત પ્રેમભાવનાના તાંતણે જોડાયેલા રહ્યા છે. આજે પાંચ પેઢી પણ એકબીજાના સુખ દુ:ખમાં ભાગીદાર રહ્યા છે. આવા વટવૃક્ષ સમાન પરિવારના હાલ હયાત વડીલોમાં મહેશભાઈ ધોળકિયા સૌથી વયસ્ક વડીલ હતા. તેઓ 'વજ્રાદપિ કઠોરાની મૃદુની કુસુમાદપિ' કહેવતને સાચી પાડતા. સ્પષ્ટ અને કડક અભિગમને લઈને વિશિષ્ટ લાગે પણ હૃદયથી બાળસહજ. હંમેશા સકારાત્મક અભિગમ. અને હા, પરિવર્તન પણ અપનાવી જાણે. તેથી નાના મોટા સૌના આદરપાત્ર. આવું વિરલ આત્મીય વ્યક્તિત્વ પરમની યાત્રા આરંભે ત્યારે ખાલીપો કેવો ડંખે એ તો અશાબ્દિક અનુભૂતિ છે.

મહેશભાઈનો જન્મ ઇ.સ. ૧૯૩૪ માં રાજકોટ ખાતે. પ્રાથમિકથી કોલેજ સુધીનો અભ્યાસ રાજકોટમાં કર્યો. ઇ.સ. ૧૯૫૫માં ધર્મેન્દ્રસિંહજી કોલેજ માંથી બી.એ. થયા. ૧૯૫૭માં ત્યાંથી જ ગુજરાતી વિષય સાથે એમ. એ.ની પદવી મેળવી. તેઓની વિદ્યાકીય કારકિર્દી દીર્ઘ અને પ્રદાન પ્રદ રહી. થોડો સમય રાજકોટની વિરાણી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવી, ઇ.સ.૧૯૬૦ માં ધર્મેન્દ્રસિંહજી કોલેજમાં જ અધ્યાપક તરીકે જોડાયા બાદમાં અમદાવાદ ખાતે ગુજરાત કોલેજમાં અને ૧૯૬૮માં સુરેન્દ્રનગર ખાતેની એમ. પી. શાહ આર્ટસ કોલેજમાં બદલાયા,અધ્યાપકીય જ્ઞાન વહેંચ્યું. અનેક સાંસ્કૃતિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓ કરી. ત્યાંથી૧૯૯૨ માં પ્રાધ્યાપક તરીકે નિવૃત્ત થઈ રાજકોટ સ્થાયી થયા.

૧૯૬૧માં મુંબઈ સ્થિત શ્રી મનસુખભાઈ તથા કુંદનબેન નાણાવટીનાં પુત્રી ભાવિનીબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. ભાવિનીબેન સંયુક્ત પરિવારની ફરજો, બાદમાં ત્રણ સંતાનોના ઉછેરની જવાબદારી વહન કરી, મહેશભાઈની દરેક પ્રવૃત્તિઓ ઉપરાંત ધર્મ અધ્યાત્મમાં પણ આજીવન સબળ ટેકો આપી આદર્શ જીવનસંગીની બની રહ્યાં.

ધર્મેન્દ્રસિંહજી કોલેજના તેઓના તે સમયના અધ્યાપક, સાક્ષર શ્રી ઉપેન્દ્રભાઈ પંડ્યાનો તેમના ઉપર પ્રભાવ, જે થકી સાહિત્ય વાંચન અને લેખનને વેગ મળ્યો. મહેશભાઈ ખ્યાતી પ્રાપ્ત હાસ્ય લેખક શ્રી બકુલ ત્રિપાઠીના સારા મિત્ર. તેઓની પ્રેરણાથી તેઓ હાસ્ય લેખન તરફ વળ્યા. રાજકોટના હાસ્ય લેખક શ્રી પ્રદ્યુમનભાઈ જોશીપુરા પણ જોડીદાર મિત્ર. તેઓ હાસ્ય-લેખન-નિબંધ સ્પર્ધામાં હરીફ તરીકે હોય !! બંનેએ આવી સ્પર્ધાઓમાં આગળ પાછળના ક્રમે ઈનામો મેળવ્યા છતાં મિત્રતા આજીવન અતૂટ રહી.

મહેશભાઈ લિખિત રવિ શૈલીના લેખ નવનીત સમર્પણ ,અખંડ આનંદ, શબ્દ સૃષ્ટિ જેવાં સામાયિકોમાં તેમજ ગુજરાત સમાચાર, સંદેશ જેવાં જાણીતા દૈનિકોમાં પણ પ્રકાશિત થયા છે. આ ઉપરાંત વર્ષ ૧૯૮૨ થી ૨૦૧૫ સુધીમાં તેઓ લિખિત 'ઠંડો સુરજ', 'હાસ્યમેવ જયતે', 'જરા હસી લો', 'ચિમ્પાન્ઝી ચાલીસા' જેવા હાસ્ય લેખોના ચાર પુસ્તકો પ્રકાશિત થયાં. વ્યંગાત્મક શૈલીમાં પ્રતિપ કાવ્યોના બે પુસ્તકો 'કોમેડી પેરોડી' તથા 'મજાકિયા પ્રતિકાવ્યો' પણ સમાજને મળ્યાં છે.

કાકાના દીકરા વડોદરા સ્થિત ડો. અખિલેશભાઈ નાનપણમાં સાથે ઉછરેલા અને આજે ૮૦ની વયે પણ સતેજ બુદ્ધિ અને યાદશક્તિ ધરાવે છે, તેઓ મહેશભાઈની યાદ તાજી કરી, ભાવાંજલિ આપતાં કહે છે કે, "અમે હાટકેશ વ્યાયામ શાળામાં નિયમિત જતા. વિવિધ રમત ગમત સ્પર્ધામાં ભાગ લેતા. તેઓ વકતૃત્વ

***It's not about how many quotes you know.***
***It's about how many quotes you live."Live what you say!"Choice is yours"***

સ્પર્ધામાં પણ ભાગ લેતા. તેમના બે શોખ -પેશન- નાટક અને હાસ્ય લેખન. મહેશભાઈ આકાશવાણીના માન્ય નાટ્ય કલાકાર હતા. તે સમયે મહેનતાણા તરીકે આકાશવાણી તરફથી ૧૦ રૂપિયા મળતા હતા. વિનોબા ભાવેની ભૂદાન ચળવળને અનુલક્ષીને જયમલભાઈ પરમાર દ્વારા 'ભૂદાન' નાટક ખૂબ ભજવાયું હતું. જેમાં પણ મહેશભાઈ અગ્ર કલાકાર તરીકે હતા. ઉપરાંત સૌરાષ્ટ્ર રંગમંચ નામક સંસ્થાના નાટકોમાં તથા નાગર મંડળ દ્વારા આયોજિત નાટકોમાં તે સમયના કલાકારો સર્વશ્રી દિનેશભાઈ અંતાણી, જીતુભાઈ બુચ, જગદીશભાઈ બુચ, ઈલાબેન માંકડ,દિનેશ શુક્લ,આવૃત્તિબેન નાણાવટી સાથે નાટકોમાં પણ ભાગ લેતા હતા."

આજે વિશ્વ જેને પ્રખર ચિંતક તરીકે એક અવાજે સ્વીકારે છે તે આચાર્ય શ્રી રજનીશજીના હસ્તે મહેશભાઈએ લગભગ ૮૨ ની સાલમાં સન્યાસ દીક્ષા લીધી હતી. કંઈ જ બાહ્ય ત્યાગ વગર પ્રમાદ છોડી સંસારના દરેક કર્મ અને પ્રવૃત્તિ સજગતા અને જાગૃતિ સાથે શ્રેષ્ઠ રીતે કરતા રહ્યા. આસક્તિ વગર કર્મ કરતા રહેવાનો ગીતા બોધ મહેશભાઈએ સંપૂર્ણ રીતે અપનાવ્યો. સાંસારિક જવાબદારી સસ્મિત નિભાવી જાણી. નામ કે પ્રતિષ્ઠાના મોહ વગર શ્રેષ્ઠ સાહિત્ય સર્જન કર્યું, પોતે અપરિગ્રહી રહ્યા. સદા કરુણા સાથે સમષ્ટિને નિરપેક્ષ પ્રેમ કર્યો. નિવૃત્તિ બાદ રાજકોટમાં એક અધ્યાત્મ આશ્રમ સાથે જોડાઈને ગુરુ અને ઈશ્વર પ્રત્યે પૂર્ણ સમર્પિત થઈ સત્સંગ, ધ્યાન, મૌન, સાથે આત્મનિરીક્ષણ સાધનામાં વધુ સક્રિય થયા. જે દ્વારા સુખ દુઃખ, સારી નરસી ઘટના કે સંબંધોનો સહજ સ્વીકાર અને તેમાં સમતા કેળવી સંસારથી સંન્યાસ અને કર્મયોગથી ભક્તિયોગની યાત્રા સજગતા સાથે પૂર્ણ કરી, તે જ રીતે જાણે મૃત્યુને આવકારી પૂરી ચેતન અવસ્થામાં પરમ શાંતિથી અંતિમ શ્વાસ લઈ અનંતની યાત્રાએ પ્રયાણ કર્યું.


મહેશભાઈ આજે સમગ્ર વડલામાં નિર્મોહી ને નિર્લેપ સ્વરૂપે જીવંત જ છે, તેવો અહેસાસ થયા વગર રહેતો નથી.

તેઓશ્રીની પરમ ચેતનાને પ્રણામ.

આભારી છીએ...: વડોદરા ખાતેના અમારા જ નહીં પરંતુ જ્ઞાતિના પણ શુભચિંતક એવા બરછી પ્રતિનિધિ પ્રતીક અશોકભાઈ અંજારિયાને ઈન્ટરનેટ ઉપર દરેક વિષયે જાણવાના તેમના શોખ મુજબ ખોજ કરતાં 'નાગર સારસ્વતો' નામક ૩૩૯પાનાની પીડીએફ મળી આવી. જે વાંચી ગયા અને મોકલી આપતાં કહ્યું કે તેમાંના ૧૫૧મા પાના ઉપર મહેશભાઈ ધોળકિયાના નામ સાથે વિસ્તૃત માહિતી છે. અત્રે પ્રકાશિત કરેલ મહેશભાઈના જીવનવૃતાંતના આલેખન માટે તેઓના અભ્યાસની સાલ,પુસ્તકો તેના પ્રકાશન વર્ષ જેવી ઘણી પૂરક માહિતી અમને આ દ્વારા મળી.ભાઈ પ્રતીક અને અશોકભાઈના આભારી છીએ.સાથે સાથે–

'નાગર સારસ્વતો' ઈ બુક ઉપર નજર ફેરવતાં બારાક્ષરી મુજબ દરેકના અટક અને નામ પ્રમાણે ક્રમમાં જ્ઞાતિના અસંખ્ય મેધાવી સાહિત્યકારોની સંપૂર્ણ માહિતી આવરી લેવામાં આવી છે. ક્યાંય પ્રકાશક–સંસ્થા કે વ્યકિતના નામ નથી આપ્યાં, પણ જેમણે કર્યું છે તેમણે ઘણી મહેનત કરી, મોટું, ઉપયોગી સરાહનીય યજ્ઞકાર્ય કર્યું છે. જેની પણ સાભાર નોંધ લઈએ.

શ્રી મહેશભાઈ વિશેના આલેખનમાં શ્રી ભદ્રાયુભાઈ (વછરાજાની)નો સાથ સાંપડયો. મહેશભાઈ – ભદ્રાયુભાઈના ક્ષેત્ર,કક્ષા ને માર્ગ પણ એક જ! તેથી આલેખન માં કસબ તો ખરો પણ વધુ બંનેનું આંતરિક– આત્મિક જોડાણ હોય તેમ લખાણમાં, હૃદયના ઊંડાણથી સ્નેહાદરનો ભાવ નીતરતો અનુભવી શકાય છે. મ.શાં.ધો.ના વ્યક્તિત્વને પૂરો ન્યાય આપી શકાયો. જે બદલ તેઓના જ શબ્દોમાં 'અહોભાવ'!–વિ.શાં.ધો.




*"Everything that irritates us about others can lead to an Understanding of Ourselves Learn self awareness "Choice is yours!*

# વડોદરાના શ્રી કેદાર દેસાઇની વિવિધ ક્ષેત્રીય એન્સાક્લોપીડીયા-એપનો વિશ્વવિક્રમ



ગુજરાત અને ગુજરાતી ભાષાનું ગૌરવ ગણાય એવો એક અનોખો વિશ્વવિક્રમ વડોદરાના શ્રી કેદારભાઇ દેસાઇએ જુદાં જુદાં વિષય-ક્ષેત્રોની જ્ઞાનકોષ 'App' પ્રસિધ્ધ કરીને રચ્યો છે. તેઓએ વ્યાવસાયિક ધોરણે આ android iOS App, ઍલોપથી અને હોમિયોપથી ના વિષયોમાં 'MedMeanings' નામથી અને સાયંસ-એન્જીનીયરીંગ ક્ષેત્રોમાં 'TechMeanings' નામથી પ્રકાશિત કરી છે. મોબાઇલ પર નિશુલ્ક મળતી આટલા બધા વિષયોને આવરી લેતી આ બન્ને અંગ્રેજી-ગુજરાતી એન્સાઇક્લોપીડીયા 'એપ' દ્વારા એક ગૌરવપૂર્ણ વિશ્વ-વિક્રમ રચાયો છે, જેની પુષ્ટિ World Records India સંસ્થાએ કરેલ છે. આ વર્લ્ડ-રેકોર્ડ વિધિવત્ અર્પણ કર-વાનો કાર્યક્રમ વડોદરામાં તા. ૨૧મી જાન્યુઆરીએ યોજાયો, જેમાં શ્રી કેદારભાઇ અને તેમનાં પત્ની શ્રીમતિ અમિષાબહેને એ સ્વીકારીને આમંત્રિતોને પણ તેઓના આનંદમાં સહભાગી બનાવેલ. (જુઓ તસ્વીર).

વિક્રમી પુરસ્કાર પ્રદાનનો આ કાર્યક્રમ પણ એવો જ અનોખો રહ્યો. શ્રી કેદારભાઇએ પૂર્વભુમિકામાં, વિચારબીજથી માંડીને, જુદા જુદા નિષ્ણાતો પાસેથી લખાણો તૈયાર કરાવ્યા બાદ વિવિધ-લક્ષી જ્ઞાનકોષ-સંપુટ પ્રકાશિત કરવા સુધીની એક સફળયાત્રાનો ચિતાર આપ્યો. વડોદરાના કાર્ડિઓલોજીસ્ટ ડૉ. ચૈતન્ય બુચે પ્રભાવશાળી પણ હળવી શૈલિનાં વકતવ્યમાં કેદારભાઇની વર્ષોની જહેમતને બીરદાવી અને ઉમેર્યું કે, 'ભાષાંતર એટલે ભાષાઓ વચ્ચેનું અંતર ઘટાડવાનો એક પ્રયાસ'. અન્ય વિશેષ આમંત્રિતોમાં જુનાગઢનાં ખ્યાતિપ્રાપ્ત વક્તા અને યુવાજ્ઞાની સુશ્રી રાધા મહેતાની ઉપસ્થિતિ અને તેમનું ઉદ્-બોધન ધ્યાનાકર્ષક બની રહેલ. કેદારભાઇ દંપત્તિએ ઉપરોક્ત એવૉર્ડ વિધિવત્ સ્વીકાર્યો એ સોનેરી ક્ષણોને સૌ કોઇએ તાળીઓભેર વધાવી લીધી. વિદ્વાનોની એક અનોખી પરિષદ સમા આ યાદગાર કાર્યક્રમનું સંચાલન શ્રી ચૈતન્ય મારુએ કર્યું.


અહેવાલ : કમલનયન જોષીપુરા (આણંદ)

**<u>શુભ લગ્ન–યજ્ઞોપવિત :</u> વડોદરા સ્થિત શ્રી નિમિષ રણજીતભાઈ (બરછીના આદ્ય તંત્રી સ્વ.શાંતિભાઈના ભાઈ)ધોળકિયા તથા શ્રીમતી ઉન્નતિ નિમિષ ધોળકિયાનાં પુત્રી હિમાનીનાં વડોદરા સ્થિત શ્રી તરૂણભાઈ તથા શ્રીમતી સ્મિતાબેન વૈદ્યના પુત્ર ધૈર્ય સાથેનો લગ્ન પ્રસંગ તેમજ સાથે જીત નિમિષ ધોળકિયાને યજ્ઞોપવિત સંસ્કાર પ્રસંગ ધામધૂમથી ઉજવાયા.આ પ્રસંગે નિમંત્રીત બહોળા ધોળકિયા તથા માંકડ પરિવાર, બંને પક્ષના મોસાળિયાં તેમજ સ્નેહી–સંબંધીઓની બહોળી સંખ્યામાં ઉપસ્થિતિમાં મિષ્ઠ ભોજન સાથે ગીત–સંગીત, ગરબા તથા વિવિધ પ્રસંગો ઉલ્લાસભેર ઉજવાયા.**

*Being strong sometimes means being able to let go.“Choice is yours!*

હવે આ પ્રભુ મૂંઝવણમાં પડ્યા છે ખરેખર નાસ્તિક ત્રાસવાદી કોણ આ માટે પહેલા તો સાચા હસ્તિક શરણાગત ગોતવા પડે. એક જૂથ બીજાને નાસ્તિક ગણે છે, તો બીજા પહેલા સંઘને. ભગવાને ત્યારથી આંખ નીચી દીધી છે. કોઈ ભક્ત હાસ્યના નીનાદ જ સાથે હળવાશથી બોલે છે રે ભગવાન
(મતલબ કે તને ઓળખ્યો, હવે !)તો ભક્તોનું બીજું ગ્રુપ તીવ્ર રુદનના સુરમાં ભગવાન; ઓ ભગવાન ! એમ કલ્પાંત કરે છે.
પેલો સમુદાય જુઓ, સંસારની બધી જવાબદારી ત્યાગી નદી તટના એકાંતમાં માનસિક જાપ જપે છે.
ભગવાન! ભગવાન!!
અમને લાગે છે કે, સંગીતમાં જેમ સાથે સૂર ને રમવા ખીલવા માટે આઠમો શૂન્યવકાશ જરૂરી છે; એમ જ, સારી ભગવત ભક્તિ પ્રગટે એ માટે આઠમો સુર- ગહનના અવકાશની જરૂર રહે છે. સંપૂર્ણ ભગવાન સાથે યોગ સધાય છે.

## કુ. નૈઋતિના રંગમંચ પ્રવેશનો કાર્યક્રમ યોજાયો



રાજકોટના શ્રી વિશ્વેશભાઈ છાયા તથા જાગૃતિબેન છાયાના પુત્રી કુ. નૈઋતિના રંગમંચ પ્રવેશનો કાર્યક્રમ 'ઘૂંઘરૂ કી ઝંકાર કરે આદિશકિત કો પુકાર' શીર્ષક હેઠળ તા. ૧૭ ડિસેમ્બર રવિવારે હેમુ ગઢવી હોલમાં યોજાય ગયો. સગા સ્નેહીઓની ભરચક હાજરીમાં કુ. નૈઋતિએ કથક નૃત્યના વિવિધ અંગોનું વિવિધ મુદ્રાઓ તથા લયબદ્ધ પદસંચાર સાથે રસપૂર્ણ પ્રદર્શન કરી, હોલને તાલીઓના ગડગડાટથી ભરી દીધો. આ વર્ષ સ્વ. ભાલચંદ્રભાઈની જન્મ શતાબ્દિ વર્ષ હોવાથી આ કાર્યક્રમ તેમને સમર્પિત કરેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી હર્ષલ માંકડે રસિક શૈલીમાં કર્યું હતું.

૧૯ વર્ષનાં કુ. નૈઋતિ બી.એ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે, ૧૩ વર્ષથી કથ્થક નૃત્યની તાલીમ લઈ રહયાં છે. વિશારદમાં ગોલ્ડમેડલ સાથે સફળ થઈને અલંકારની તથા શ્રી ગાર્ગીબેન વોરા પાસે ગાયનની પણ તાલીમ લઈ રહ્યાં છે. ચિ.નૈઋતિ શ્રી ભાલચંદ્રભાઈ તથા શ્રી મંદાકિનીબેન છાયાના પૌત્રી તથા શ્રી હર્ષવદનભાઈ અને શ્રી હીમાબેન માંકડનાં દોહિત્રી થાય.

<u>દેવી ભાગવત કથા :</u> જુનાગઢનાં પ્રસિદ્ધ માંગનાથ મહાદેવના પટાંગણમાં જાણીતા જ્ઞાતિ કાર્યકર, બરછી પ્રતિનિધિ શ્રી નીરજભાઈ વૈષ્ણવ દ્વારા તાજેતરમાં દેવી ભાગવત કથાનું ભવ્ય આયોજન થઈ ગયું. કથાના વ્યાસાસને રાજકોટના જાણીતા કથાકાર શ્રી કૃષ્ણકાંતભાઈ ત્રિવેદીએ કથાનું રસપાન કરાવ્યું હતું. તેઓ ને તેમના સાજિંદા વાજિંત્ર વાદકો સાથે ધૂન ભજનની રમઝટ બોલાવી હતી. કથા દરમિયાન નંદોત્સવ તથા દુર્ગા માતા પ્રાગટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયા હતા. બહોળી સંખ્યામાં જ્ઞાતિ તથા ઈત્તર જ્ઞાતિજનોએ કથા શ્રવણ સાથે મનભાવન પ્રસાદનો લાભ લીધો હતો. તો રાજકીય સામાજિક આગેવાનો, કવિઓએ ખાસ હાજરી આપી હતી. સૌના ઉષ્માસભર સાથ સહકારથી કથાની રંગે ચંગે પૂર્ણાહુતિ થઈ હતી.

*Give & Forgive."Appreciate People."Accept Limitations."Choice is yours!*

## સોયને કાતર

એક વેળા સોયને કાતર, ઈશ્વરના દરબારે જાય ,
કામ અમારું ઊંધુચત્તુ, કોણ શ્રેષ્ઠ કેમ સમજાય?
કાતર કહે મુજ બે છેડા, જો મળે ટુકડા જ થાય
નિરખું ન હું તો સામે , કાપવાનો ગુણ પરખાય
સારું નરશું હું ન જાણું, વચ્ચે આવે એ જ કપાય
સોય જરા શરમાઈ, કહે અણીદાર મુજને કહેવાય
મુખે પહેરી દોરો, તૂટેલાને સાંધતા જે સુખ જણાય
છુટા જે પડ્યા જગમાં, જોડતા કરૂણા કારજ થાય
ઈશ્વર કહે ઉભય કારજ ભિન્ન, નિજ કર્મ જ કરાય
કાપ સરળ પણ જો ન કપાય તો કેમ કરી સિવાય,
કુદરતના નિયમ સમજો, હળીમળી સાથે રહેવાય
"પ્રાર્થક "સાંધે ને જોડે, સોય છતાં મહાન કહેવાય

ચિરંતન પટ્ટણી “પ્રાર્થક” વડોદરા

ગઝલ

દોસ્તો મંદિરમાં હું આંખ મીંચી બેઠો છું
બહાર થાતી મારી લીલામીને સાંભળું છું
નાના મંદિરમાં હું મસ્ત રહું છું
ભવ્ય મંદિરમાં હું પોલીસ કબ્જામાં રહું છું
નદીમાં તરતા લાખો દીવાઓના પ્રકાશના
ગરીબોના પ્રતિબિંબમાં બળતા તેલને જોઉં છું
બસ કરો ભાઈ! ચિરાતી ધરતીનો ચિત્કાર
અહીં બેઠો બેઠો બેબસ બનીને સાંભળું છું.

નંદકિશોર વૈષ્ણવ,જૂનાગઢ.

પકડ કલમ ને લખ કવિતા,
હોય મનમાં તે ઉતારી લે....
જળ હોય ત્યાં સ્થળ અને
સ્થળ હોય ત્યાં જળ ધારી લે..!
કંઈ કેટલું દીધું આ ઈશ્વરે,
આભ ભરીને તારલા દીધા,
વચ્ચે મુક્યો ચમકતો ચાંદો,
ગોરા રૂપાળા વાદળ વહેતા કીધા!
ખોલ તારા મનની આંખો બસ,
ઉગે મનમાં જે કંઈ તે ઉતારી લે!
ઉતરી કિરપા કરતારની અહીં,
આંખે જોયું શબ્દ બની ગયું.
ઉગાડ્યું ભીતરે એણે જે કંઈ,
મુખેથી સુર બની રેલાઇ ગયું.
ધરી હૈયે ભાવ એના આભારનો,
ઉગે મનમાં જે કંઈ તે ઉતારી લે!
ગમતીલું ગીત કોઈ ગાઈ લે!
ઉગે મનમાં જે કંઈ તે ઉતારી લે!

મેહુલ ભટ્ટ

***Being happy has nothing to with having Its all about believing “Choice is yours!***

# 'રિટર્ન ગિફ્ટ' !

હમણાં કેટલાક વર્ષથી,બાળકના જન્મદિવસે ભેટ લઈને આવતાં બાળકોને 'રિટર્ન ગિફ્ટ' આપવાની પ્રથા શરૂ થઈ છે.બાળકના પ્રથમ જન્મદિવસથી જ,પ્રોગ્રામમાં આવનાર બાળકોના માતા-પિતા સાથે આ અંગે પરસ્પર ચોખવટ થઈ જાય તો ઉત્તમ! કારણકે આપણે અપનાવેલ રીતિ-નીતિની બાળમાનસ પર થતી ગંભીર અસર વિશે મા-બાપે અને વડીલોએ વિચારવું જોઈએ.

મોટા ભાગે ભેટ આપનાર બાળક,'રિટર્ન ગિફ્ટ' ની આશાએ આવતું હોય છે અને જન્મદિવસે ભેટ "આપવાના" આનંદ અને ઉત્સાહ કરતાં,'રિટર્ન ગિફ્ટ' "લેવાનો" આનંદ અને ઉત્સાહ વધારે હોય છે! વળી જો ભેટ આપનાર બાળકે મનમાં ધાર્યા પ્રમાણેની 'રિટર્ન ગિફ્ટ' ન હોય તો તે પોતે,મિત્ર કે સગા-સંબંધીના બાળકના શુભદિને નિરાશામાં ગરકાવ થઈ જાય છે અને જીવનના અગત્યના પાસાં,"ત્યકતેન ભૂંજીથા:" ના સ્વયં સફૂરણાંના ભાવથી વંચિત રહી જાય છે.

પોતાના બાળકનો જન્મદિન ઘેર ઉજવે તે સિવાયના સમયમાં,મા-બાપ પોતાના બાળકને હાથે આસપાસના થોડાં ગરીબ બાળકોને; નાસ્તાનાં પેકેટ્સનું વિતરણ કરાવે તો બાળકમાં 'આપવાની' ભાવના વિકસે અને ધીમે-ધીમે તેના જીવનમાં ઉદારતાનો ગુણ કેળવાય.

ભેટની કિંમત આંકવાની હોતી નથી કારણકે તેમાં રહેલ પ્રેમ અને ભાવનાને લીધે તે ખાસ્સી 'ભારે અને વજનદાર' હોય છે! અને તેથી તે અમૂલ્ય ગણાય. સુદામાના તાંદુલની જેમ.આથી ભેટનો તરત જ પ્રતિભાવ આપીએ તો તેની કિંમત આંકી તેવું ગણાય!

બદલાની ભાવનાથી આપવું એ "આપવું" ન ગણી શકાય,તે ગિફ્ટ રહેતી નથી;બસ 'આપ-લે' નો એક વ્યવહાર બની જાય છે!

આ પ્રથા આપણે મોટી થયેલ વ્યક્તિના કોઈ કોઈ શુભ-પ્રસંગે પણ અપનાવી છે જે ઉચિત નથી. મુખ્યત્વે પ્લાસ્ટિકની અને અન્ય ચીજ-વસ્તુઓ,શોપ-મોલમાંથી નીકળી;ઘરના કબાટ અને માળિયાંમાં ખડકાય છે કારણકે આપણે એવી સ્થિતિએ પહોંચેલો સમાજ છીએ કે તેવી જરૂરિયાતની ચીજ-વસ્તુઓ મોટા ભાગના ઘરમાં હોય જ છે.વાસ્તુશાસ્ત્ર મુજબ લાંબા સમયથી નહિ વપરાયેલ અને નકામી ચીજ-વસ્તુઓ ઘરમાં નડતર-અડચણ રૂપ છે,નેગેટિવિટી ફેલાવે છે અને આધ્યાત્મિક દ્રષ્ટિએ તેવી ચીજ-વસ્તુઓ સાથે વિનાકારણ આસક્તિથી બંધાયેલા રહીએ છીએ જે મનની શાંતિમાં વિક્ષેપકારક નીવડે છે.




પૂજ્ય શિવાનંદ સ્વામી એ કહ્યું છે:

"Only thing in Life to learn is:

'Learn to Give' whatever one can".

તે આપણાં જીવનમાં અપનાવીએ તો ઉત્તમ!

ઉપરાંત,આપણે આપણી વણ વપરાતી, બિનજરૂરી-બિનઉપયોગી ચીજ-વસ્તુઓ,જેઓ ને તેની જરૂર હોય અને તેઓ તેને ઉપયોગમાં લઈ શકે તેમ હોય તો તેઓને આપી,તે પ્રત્યે આસક્તિ રહિત થઈ આપણી મનની શાંતિમાં વધારો કરી શકીએ.

-દિપક બુચ-"dp",અમદાવાદ.

***Say what u feel, its nt being Rude, its being Real!"Choice is yours!***

# આમાં મારો શું વાંક...?

ખુશી, નામ પણ નાનું અને ઉંમર પણ. આઠ વર્ષની પ્રેમાળ ખુશીનો ચહેરો જોઈને કોઈને પણ તેની સાથે સમય વિતાવવો ગમે. અજાણ્યા લોકો પણ ખુશીના ચહેરા સામે જોવે તો આખા દિવસનો થાક ભૂલીને થોડીવાર માટે પણ ખુશી સાથે રમવાનું કે વાતો કરવાનું ચૂકે નહીં, તેવું નિર્દોષ અને નિખાલસ બાળપણ થોડા સમયથી નિરાશ અને ઉદાસ જણાતું હતું.

સુરજ અને નિશા કોલેજમાં મળ્યા અને મિત્રતા થઈ. મિત્રતા ગાઢ બનતા બંનેએ લગ્નના તાંતણે બંધાવાનું નક્કી કર્યું અને વડીલોના આશીર્વાદ વચ્ચે શરણાઈઓના સુર ગુંજયા અને નિશાએ સૂરજના ઘરમાં ગ્રહપ્રવેશ કર્યો. નવા ઉત્સાહ અને લાગણીઓના ઘોડાપુરમાં તણાઈ રહેલી નિશા અનેકવિધ સપનાઓ લઈ ઘરમાં પ્રવેશી હતી. અનુસ્નાતક થયેલી નિશા કારકિર્દીના શિખરો સર કરી, ઉચ્ચ પદવી મેળવી સૂરજને ઘર સંચાલનમાં મદદરૂપ થવા ઈચ્છતી હતી. નવી નોકરી, નવું ઘર અને નવા લોકો વચ્ચે નિશા પોતાના દૈનિક કાર્યમાં પરોવાઇ ગઈ અને ક્યાંકને ક્યાંક પારિવારિક જવાબદારીઓથી વિખૂટી પડતી ગઈ.

સંધ્યાબેન આમ તો એક સમજુ અને સદગ્રુહસ્થ નારી હતા. સાસુ સ્વરૂપે માં જેટલો જ પ્રેમાળ સ્વભાવ ધરાવતા સંધ્યાબેન વહુને પુત્રી ગણી અખૂટ પ્રેમ દર્શાવતા હતા. પરંતુ કહેવાય છે ને તે સારી વસ્તુ પર સૌની નજર પડે, તેમ સુરજ અને નિશાની ખુશાલ જિંદગી પર પણ ગ્રહણ લાગ્યું. સૂરજની અપેક્ષાઓ પર ક્યારેક ઉણી ઉતરતી નિશા જાણતી હતી કે કારકિર્દી બનાવતા તે ક્યાંક ને ક્યાંક પોતાના સંસારનો ભોગ આપી રહી છે.

દિવસો હવે વર્ષો બન્યા અને નાના ઝઘડાઓ હવે પાડોશી માટે મનોરંજન. ખુશીના જન્મથી લઇ આઠ વર્ષની ઉંમર સુધી તેણે ઘરમાં ઝઘડાઓ અને કલેશ ને નજીકથી જોયા હતા. રૂમના એક ખૂણામાં માતા-પિતાના લગ્ન સમયે તૈયાર કરાયેલો ફોટો આલ્બમ ના દરેક પાના ઉથલાવતા આંખમાંથી વર્ષા ના ટીપા ની જેમ ટપકતા એક એક આંસુઓ વચ્ચે ખુશીના હૃદયે પોકાર કર્યો, “આમાં મારો શું વાંક”...? “આપણે હવે સાથે નહીં રહી શકીએ”, સૂરજ દ્વારા નિશા ને કહેવામા આવેલુ આ વાક્ય ખુશીના માનસપટલ પર અંકાઇ ચુક્યું હતું.

- પ્રો.સુમિતકુમાર આચાર્ય. મો : ૯૯૭૯૮ ૮૫૧૦૫




***Happiness is choice, choose tobe happy now,“Or, it wont be ever!“Choice is yours!***

# જીવન જરૂરી સમજ

આપણા જીવનમાં ઘણું ઘણું શીખવાનું હોય છે ત્યારે અહીં જીવન જરૂરી કેટલીક સમજ જેને મૂળભૂત જ્ઞાન કહીએ તે વિશે જાણીએ આવી સમજ તો સનાતની છે.

૧. તમે તમારું સંભાળો : સ્વાર્થી બનવાની નથી પરંતુ આપણે આપણી જિંદગી આપણી રીતે જીવવાની છે આપણે આપણી જવાબદારીઓ નિભાવતાં અને પારકી પડોજણમાં પડ્યા વિના નિજાનંદે જીવવાની આ બાબત છે. બીજા શું કરે છે બીજાનું ગમે તે હોય તે વિશે બિનજરૂરી ધ્યાન ન આપવું.

૨. આપણે એકલા નથી આવું સમજીને સમાજ અને સંબંધનું મૂલ્ય સ્વીકારવું. આ ઉપરાંત આપણે અન્ય કોઈને ખલેલ- નુકસાન પહોંચાડીને ન ગમતું કરીને જીવી ન શકીએ. આખરે આપણે સામાજિક પ્રાણી છીએ.. એકલા નથી.

૩. આપણી જાતને જોવી : સ્વનિરીક્ષણ તો 'પ્રેક્ષાધ્યાન' છે આપણે સમાજને સુધારવાની વાત કરતા પહેલાં એ જોવું કે આપણે ક્યાં છીએ, શું કરી રહ્યા છીએ. જોવું કે આપણે કોઈને વિવિધ રૂપે મદદગાર અનુકૂળ છીએ?

૪. સમગ્ર એક સૂત્રતા ને સ્વીકારો : કુદરત હોય કે કાયદાકીય, સામાજિક, વ્યવસાયિક, કૌટુંબિક, વગેરે ક્ષેત્ર હોય તેમાં કેટલીક એકસૂત્રતા- નિયમો હોય છે. તેને સ્વીકારી જીવવું જરૂરી છે, તેમાં બિનજરૂરી દખલ કરવાથી નુકસાન થાય છે.

૫. સ્થિતપ્રજ્ઞતા કેળવવી : સુખ દુઃખમાં સમાન રહેવું. સુખમાં છકી ન જવું, દુઃખમાં દુઃખી ન થવું. આથી આપણા જીવનમાં સફળતા અને સ્વસ્થતા રહેશે. ભગવત્ ગીતાનો મહત્વનો સંદેશ, ગીતાનો બીજો અધ્યાય આ વિશે વિશેષ જ્ઞાન આપે છે. તેમાં ૫૬મો શ્લોક સમજવા જેવો છે જેની ચર્ચા અહીં નહીં કરીએ.

૬. માનસિક તાણ ઊભી ન કરવી : આપણે આપણા વિવિધ વ્યવહારો બને એટલે સીમિત અને ચોખા રાખવા જેથી કરીને માનસિક તાણ ઊભી ન થાય અને શરીરના કોઈ રોગ ન થાય. દિવસ દરમિયાન એવાં કાર્યો કરવાં કે રાત્રે ઊંઘ નિરાંતે આવી જાય.

૭. શું ભાવમાં જીવવું : આપણે સ્વ સાથે સરસ અને પણ સમજવું જરૂરી છે અન્યની અપેક્ષાઓ ભાવનાઓ નીતિ રીતિ ને આપણે સમજીને સ્વીકારવી જરૂરી છે. એટલે કે તેના નવી શકીએ તો કંઈ નહી, પણ બિનજરૂરી વિરોધ કરીને સ્વ ની શાંતિ અને આનંદ અને અન્ય તરફથી જોખમને ડહોળવા. આ તો Live and let live નો સિદ્ધાંત છે.

- જસ્મીન દેસાઈ 'દર્પણ' રાજકોટ. મો. ૯૪૨૮૩૪૯૮૧૨

---

**<u>અનંતના યાત્રીઓ</u> :** ભરૂચનાં અ.સૌ. આશાબેન દીપકભાઈ દેસાઈનું વડોદરા ખાતે અવસાન થયું. અગાઉના વર્ષોમાં આ દંપત્તિએ ભરૂચના બરછીના પ્રતિનિધિ તરીકે સમાચારો, ગ્રાહકો મેળવવામાં અનન્ય નિ:સ્વાર્થ સેવા આપી છે.

વડોદરા : બકુલચંદ્ર હરસુખરાય વૈદ્ય, ઉં વ. ૮૩, રમણભાઈ છગનલાલ હાથી ઉં વ. ૯૧, ઉષાબેન નવીનચંદ્ર ઓઝા, હરકાંતભાઈ માકડ // ભાવનગર : પ્રવિણભાઈ ચંદ્રશંકર મહેતા, ધૈયાંશુભાઈ માર્કંડભાઈ હાથી ઉં વ. ૪૩

કોકીલાબેન ધનંજયભાઈ દેસાઈ ઉં વ. ૭૮ વલ્લભ વિદ્યાનગર

મુંબઈ ગં.સ્વ. ઉષાબેન મૂળવંતરાય ધોળકિયા - ગાંધીનગર : અંજની કુલીનચંદ્ર બુચ

ભુજ : રસેન્દુભાઈ ત્રિભુવનભાઈ છાયા, ભારતીબેન હરિલાલ વૈદ્ય, દુષ્યંતભાઈ અંજારિયા ઉં. વ. ૬૯

કિરણ જયવંતલાલ વસાવડા, અરુણાબેન માંકડ, ઉષાબેન નવીનચંદ્ર ઓઝા

રાજકોટ:સુરેખાબેન મધૂસુદન છાયા ઉં વ. ૯૨, ઝરણા નિમિષ ઓઝા ઉં વ. ૪૩,કુલીનભાઈ વિષ્ણુપ્રસાદ વસાવડા ઉં વ. ૭૮ પરિમલભાઈ રવિન્દ્રનાથ બૂચ ગાંધીનગર //અખિલબેન સુરેન્દ્રરાય હાથી કેનેડા ખાતે કિરણભાઈ વસાવડા જુનાગઢ // અમદાવાદ : શ્રીમતી રશ્મિબેન જતીનભાઈ મહેતા,સુરેશભાઈ વિજયલાલ બુચ-

*Stop Comparing.“Stop Criticizing.“Stop Expecting.“Choice is yours!*



## સનાતન ધર્મ - હિમા યાજ્ઞિક-મો. ૯૮૯૮૮૩૧૦૦૩

જ્ઞાતિના મેધાવી સાહિત્યકાર હિમાબેન યાજ્ઞિકના સાહિત્ય અભ્યાસ, વિવિધ વિષયો ઉપર લેખનનું સામર્થ્ય, ચિંતન ઉપરાંત નિસ્વાર્થ સેવા ભાવ સાથેની પ્રેરક ઈત્તર પ્રવૃતિઓથી સૌ વાકેફ કરવા તેઓના પરિચય સાથે, તેમની કલમે લખાયેલ 'સનાતન ધર્મ'ની વિસ્તૃત સમજ આપતો કોઈકને સંશોધન અભ્યાસમાં પણ ઉપયોગી થઈ શકે તેવા ચિંતનાત્મક લેખ અત્રે પ્રકાશિત કરી રહ્યા છીએ. - તંત્રી.

પરિચય :

- અમરેલી જિલ્લાના ધારી ખાતે ૧૯૪૫માં હિમાબેનનો જન્મ. ૧૯૬૬ માં બી.એ. થયાં. આજ સુધીમાં તેઓ લિખિત ૧૯ પુસ્તકો પ્રકાશિત થયાં છે. જેમાં ૧૯૮૩માં ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી 'પર્વ' તથા 'ભારતીય સંસ્કૃતિના શિવ મહિમા' પુસ્તકોને પ્રથમ પારિતોષિક તેમજ ૨૦૧૬માં ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી 'મહાભારતમાં યુદ્ધ દર્શન' પુસ્તકને પ્રથમ પારિતોષિક પુરસ્કૃત થયાં છે. * ડો. દિનકર જોશી અખંડ આનંદ પુરસ્કાર મેળવ્યો છે.
- કુમાર, અખંડ આનંદ, શબ્દસૃષ્ટિ, જનકલ્યાણ વગેરેમાં અવારનવાર લેખો પ્રકાશિત થયા છે.
- ગુજરાતી સાહિત્ય પરિષદ ના ૩૮ના અધિવેશનમાં 'લોકસાહિત્ય નો ભગીરથ - મેઘાણી' શીર્ષકનું પ્રવચન. ૧૯૫૨માં રાજકોટ દૂરદર્શન પરથી 'નરસિંહ મહેતા જીવન અને કવન' ઉપર વાર્તાલાપ.
- ગુજરાત રાજ્ય સેવા અને ૧૯૮૫થી ૨૦૦૦ સુધી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ યુવક મહોત્સવ, ગાંધીનગરમાં નિર્ણાયક.
- ૧૯૯૦થી ૧૯૯૯ સુધી લોક અદાલતમાં કનસીલીએટર તરીકે કાર્યરત રહ્યા હતાં.
- બ્રેઈલ લિપિનો અભ્યાસ કરી અંધશાળાઓને વિવિધ સાહિત્ય ભેટ આપ્યું.

સર્જનહારે રમતાં રમતાં પોતાના હાથમાંના સૂર્ય ચંદ્ર દડા નો ઘા કર્યો રબડતા રબડતા બંનેએ પોતાની મુઠ્ઠીમાં કાળને ઝડપી લીધો. સમયનું સંચાલન સૂર્યચંદ એ પોતાને હસ્તક રાખી લીધું. દિવસનું કામ સૂર્ય સંભાળ્યું. રાત્રિનું કામ ચંદ્ર સંભાળ્યું. દિવસો અને વર્ષો ચાલ્યા ગયા. બિન પ્રવૃત્ત બનેલ પરમાત્મા તારા નક્ષત્રોની ભાતીગળ ભુલ ભુલામણીમાં ભમતા ભમતાં પૃથ્વીમાં અટવાઈ પડ્યા. નીરવ શાંતિ અને બિનપ્રવૃત જીવન જીવતા ઉબાય ગયેલા ઈશ્વરે શતરંજની રમત માંડી.. અને હાથી, ઘોડા, ઊંટ, જેવા જાતજાતના પ્રાણીઓની રચના કરી. બિનકાર્યક્ષમ લાગતા પ્યાદા પણ બનાવ્યા. વજીર સ્વરૂપે વાનર કક્ષાના પ્રાણીને પણ ન ભૂલ્યા. અંતે શેતરંજ બાજી જીતી જવાની આવડત વાળા માનવીને રાજા બનાવી ખેલ ખેલવા માંડ્યા.

લાવ લશ્કર સ્વરૂપ કુદરતના અનેક પરિબળોથી ઘેરાયેલો માનવી પોતાની કુશાગ્ર બુદ્ધિને કસોટીએ ચડાવતો આગળ વધ્યો. કુદરતની અપાર લીલાને માણતો માનવી સુખમાં રાચતો રહ્યો. પેલા સર્જનહારને કોણ સંભારે! એટલે સર્જનહારે એક જોરદાર ફૂંક મારીને વાવાઝોડા ફૂકયા. જોરદાર નિશ્વાસે ધરતીકંપ થયો. સર્જનહારના આ નાનકડા ઉધમાતમાં માણસને જ્વાળામુખી ના ભડકાનો અનુભવ થવા લાગ્યો. વિરાટની નાનકડી ચેષ્ટા પણ માનવને કંપાવવા લાગી. જેમ જેમ ભય વધતો ગયો તેમ તેમ, ઈશ્વર વધુને વધુ યાદ આવવા

***Before you speak, let your words pass through three gates: "Is it true? "Is it necessary? "Is it kind?" Choice is yours!***

લાગ્યો, પરંતુ પોતાની રક્ષા કાજે બુદ્ધિ ના ચલાવે તો માણસ શાનો!?વરસાદથી બચવા માનવ ગિરીકંદરામાં આશ્રય મેળવતાં શીખ્યો. કુદરતના અન્ય તત્વોની સંગાથે જીવતો હોવાથી જીવવાની શક્તિ મેળવવા ફળફૂલ વનસ્પતિને ખોરાક તરીકે ઉપયોગ કરવાની ભાળ મેળવી.

આમ રહેવા માટે ઘર અને ખાવા ખેતી ખોરાકના મંડાણ મંડાયા. સંકટ સમયે કામ લાગે તે માટે જરૂરી સાધનો હાથવગાં રાખી મૂકવાનું બુદ્ધિમાન માનવીને સુઝી આવ્યું. સંગ્રહ અને સંતોષ બંને એક જ સિક્કાની બે બાજુ છે તે સમજાયું, એટલે એમાંથી વ્યાપારનું ઉદભવબિંદુ સર્જાયું. સંગ્રહવૃત્તિ સહજ સ્વભાવ બન્યો.

પ્રાથમિક જરૂરિયાતો પૂરી થઈ એટલે માણસની પોતાની એકલતાનો અહેસાસ થવા લાગ્યો અકળાય ઉઠેલા માનવીને સથવારો સાંભર્યો. હૃદયના ભાવ વ્યક્ત કરી હળવા બનવાની અગત્યતા સમજાઈ. કુદરતના કોપને સહન કરવા કે સામનો કરવા વખતે પોતાની એકલતા કઠવા લાગી, એટલે આપમેળે જ જાણે સમૂહજીવન શરૂ થયું.

માનવ માનવ તેમજ માનવ અને અન્ય પ્રાણીઓનું સમૂહજીવન જેમ જેમ વિકસ્યું તેમ તેમ તેમાંથી સંસ્કૃતિ પરિણામી સમાજ ઘડાયો. જેનો વિકાસ ક્રમશઃ થતો જ રહ્યો છે. ભય, અપ્રવર્ય, અહોભાવની લાગણીઓને પરિણામે સર્જનહાર પ્રત્યે આદરભાવ બંધાયો અને તેના મૂર્ત સ્વરૂપને નામ મળ્યું 'ધર્મ'.

આ સ્થળ પરિસ્થિતિ અનુસાર જીવન મૂલ્યો પલટાયા છે જરૂર, પણ માણસની મૂળ ભાવના તો યથાવત જ રહી. માનવ પોતે કાંઈ એક આરસી નથી. એ તો મૂળ આકૃતિ. આરસી અને તેમાં ઝીલાયેલી મૂળ આકૃતિ એટલે સમાજ; સમાજમાં વ્યાપેલો ધર્મ અને ફેલાયેલી સંસ્કૃતિ..

ધરતી, આકાશ, સમુદ્ર, જલવર્ષા, પવન જેવી અગાધ અને અમાપ સમૃદ્ધિને માણતા માણસે એક યા બીજા પ્રકારે તેઓને ઈષ્ટદેવનું સ્થાન આપ્યું, કારણ તેઓ થકી જ માનવ સંસ્કૃતિ પરિણામી છે, પોષણ પામી છે. સમૃદ્ધ થઈ છે, તે માણસને સમજાતું થયું હતું. એટલે કુદરતના એ તત્વોને કંડારી કંડારી તેને 'ધર્મ'નું સ્વરૂપ આપ્યું.

અનાદિ તત્વો માંથી ઉદભવેલો ધર્મ પણ અનાદિ જ હોય ને! કુદરત દીધી સામગ્રીને એકત્રિત કરી જે ધર્મ સ્વરૂપ રચાયું તે પણ સનાતન જ હોય ને! એનો વ્યાપ પણ વિશાળ જ હોય. આથી જ આજે જે 'હિંદુધર્મ'ના નામથી ઓળખાય છે તેનું જન્મ પત્રિકામાંનું નામ તો 'સનાતન' છે 'હિન્દુધર્મ' તો એનું હુલામણું નામ.ધારણ કરવા યોગ્ય છે તે ધર્મ. જે ધર્મ ધારણ કરવાથી આ લોકમાં આનંદ અને પરલોકમાં ચિદાનંદ પામી શકાય તે જ છે સાચો ધર્મ.

માણસ અન્ય પ્રાણીઓ કરતાં અલગ તરી આવતું પ્રાણી છે. ચાર પગે ચાલવાનું છોડી બે પગે ચાલનાર આપણે એક જ છીએ. આપણે આગલા પગને હાથના સ્વરૂપમાં ફેરવી નાખ્યા. બુદ્ધિ શક્તિથી માણસે ઘણી ઘણી સિદ્ધિઓ હાંસલ કરી, પરંતુ યાદ રહે, બુદ્ધિ સાથે સંકલ્પબળ ના હોય તો આ જ બુદ્ધિ આપણને ઘાતક

નીવડે. પ્રત્યેક મનુષ્ય અન્ય પ્રાણીઓ કરતાં વધુ બુદ્ધિ ધરાવે છે ખરો, પણ પ્રત્યેક મનુષ્ય સ્થિર બુદ્ધિ ધરાવતો જ હોય તેવું નથી બનતું. આથી આપણા આર્ષદ્રષ્ટા ઋષિઓએ માનવ સંસ્કૃતિનો વિકાસ થાય, શાંતિ, સલામતી સાથે સૌંદર્ય ખીલી ઉઠે, જીવન હર્યું ભર્યું અને ઉલ્લાસ પૂર્ણ બને એટલા ખાતર ધર્મનું સુંદર કલેવર રચ્યું. તેઓએ આચાર સંહિતા બનાવી. જેથી સમાજનું બંધારણ યોગ્ય જળવાઈ રહે. કોઈને એ માળખાની અવગણના કરવાની વૃત્તિ ન જાગે. સનાતન ધર્મ ક્યારેય સંકુચિત બન્યો નથી કે નથી જડતાને વળગી રહ્યો.

સંસ્કૃતિ અને સમાજ વ્યવસ્થા ખીલવવા સૌપ્રથમ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર એમ ચાર વર્ણ પાડી વર્ણવ્યવસ્થા ગોઠવી, કામની વહેંચણી કરી દીધી... ધર્મકાર્યો વિદ્યાભ્યાસ જેવી જીવન ઘડતર કરવાની જવાબદારી બ્રાહ્મણોને સોંપી. શુદ્ધ, શાંત અને સાત્વિક જીવન જીવવાના સ્વભાવવાળા માનવીઓ ઉચ્ચ કોટિનો આનંદ એકઠો કરી, સમાજના અન્ય વર્ગને આનંદ રસનું પાન કરાવવાનું કામ બ્રાહ્મણ કુળે સાંભળ્યું. સમૃદ્ધિ કલાકારીગીરી, ધન સંપત્તિને, માનવ સમુદાયની રક્ષા કરવાનું કામ ક્ષત્રિય વર્ગે હાથમાં લીધું, તો વૈશ્ય વર્ગ પણ ક્યાં પાછળ રહી જાય તેવો હતો! શક્ષણાદિ કાર્યોમાં મશગુલ બ્રાહ્મણો રક્ષણાત્મક પ્રવૃત્તિમાં વ્યસ્ત, ક્ષત્રિયના જીવન વ્યવહાર નિર્ગમનનો ભાર વૈશ્ય સમાજે ઉપાડી લીધો. વ્યાપાર ઉદ્યોગ વધે એટલે વૈભવ વધે એ સમજ વૈશ્યોના હૃદયે વસેલી રહી.

આ સર્વવ્યાપી વિકાસ મહેનત તો માંગી જ લે ને! સેવા સુશ્રુષા અને ખડતલ શરીરની મહેનત વગર કશું જ ક્યાંથી થાય! શુદ્ર વર્ણે પોતાની શક્તિને કામે લગાડી અને સૌ સાથે મળી, માનવ જીવને ગગનગામી ઉડ્ડયન કર્યું.

કયાંય જન્મગત વર્ણ નથી દેખાતો. જેની જે પ્રકૃતિ તેવું તેનું કામ અને તેવો તેનો વર્ણ. સંગઠનની ભાવનાનું જ પ્રભુત્વ. દરેક વ્યક્તિને બાળપણથી જ તેની પ્રકૃતિ પ્રમાણે વિકાસ કરાવવો એ આજકાલની આધુનિક વિચારધારા નથી. આ તો છે સનાતન ધર્મની શરૂઆતનું પ્રથમ પગથિયું.

યદ રહે : એક વખત બ્રાહ્મણ તરીકે જીવતી વ્યક્તિ બીજી વખત શુદ્ર પણ બની શકતી. શુદ્ધ જાતિનો વાલિયો લૂંટારો વાલ્મિકી ઋષિ બન્યો એ વાત કોણ નથી જાણતું!

ખરેખર તો એક જ માનવી પોતાના જીવન દરમિયાન ચારેય વર્ણનું જીવન જીવે છે. શિક્ષક તરીકે જીવતી વ્યક્તિ પોતાના બાળકોના પરિવારજનોના રક્ષણ માટે જે ઉપાય અજમાવે છે, તે તેનું ક્ષત્રિય વર્ણનું જીવન છે. કુટુંબના ભરણપોષણ, સ્વાસ્થ્ય માટે જે પ્રવૃત્તિ કરે તે વૈશ્ય વર્ણ પ્રમાણેની છે. અને આ બધા માટે થતો પરિશ્રમ દોડધામ બોજો વહન કરવો એ છે શુદ્ર વર્ણની જીવન દીક્ષા. માનવી આખા દિવસમાં પણ આ ચારેય વર્ણોમાંથી પસાર થાય જ છે ને કયો બ્રાહ્મણ જાતિ કરે તેવું કાર્ય નથી કરતો! કયો ક્ષત્રિય વિશ્વની માફક અર્થ ઉપાર્જન માટે પ્રવૃત્ત નથી રહેતો!

*Strength of Knowledge Rests Not Upon Truth or Experience Alone,*
*"But Upon Error Also."Take ertors as learning tool!"Choice is yours!*

સનાતન ધર્મે ક્યારેય વાડા બંધી સેવી નથી. હા, સમૂહ પદ્ધતિ સ્વીકારી છે. જેથી જીવન સરળ-સફળ રીતે વહી શકે. તેથી જ હિંદુ ધર્મ પ્રત્યેક ધર્મને સમજી શકે છે, સ્વીકારી શકે છે.

અનેક સંપ્રદાયો હોવા છતાં પ્રત્યેક માનવી આખરે હિંદુ જ કહેવાય છે. તેનું રહસ્ય અહીં જ સચવાયું છે. આપણે તો એક વ્યક્તિના જીવનને પણ ચાર તબક્કામાં વહેંચી નાખ્યું છે. જીવન ઘડતર ને લગતી તમામ પ્રવૃત્તિ બ્રહ્મચર્યાશ્રમમાં વણી લીધી છે, કારણ બાળપણ. કુમળી વયે જે સંસ્કાર બીજના રોપણ થાય છે તે જીવન આખા માટે વટવૃક્ષની છાયા રૂપ જ બને છે. ખીલતા જીવનની શક્તિ એટલે ભરપૂર ચૈતન્ય. અને પરિણામે પ્રગતિના પગથિયાં સડસડાટ ચડી શકવાનો પુરુષાર્થ.

ત્યાર પછીનો પગથિયું એટલે ગૃહસ્થાશ્રમ. આનંદ, વૈભવ, પરિવાર સાથે જીવવાનો આનંદ. સાથે જીવન સમૃદ્ધિ પામવા માટે નો પુરુષાર્થ. હવે ધીરે ધીરે નિવૃત્તિ લેવાની છે. પછીની પેઢીને સર્વ રીતે તૈયાર કરવાની. જેથી તેઓ જીવનમાં એક ડગલું આગળ વધી શકે. હવે માણસે મનથી નિવૃત્ત થવાનું અને તનથી કાર્ય કરવાનું છે. જેને વાનપ્રસ્થાશ્રમ કહે છે. ત્યારબાદ સંપૂર્ણ નિવૃત્તિ સ્વીકારી શેષ જીવન કુદરતનો પરમ તત્વનો આભાર માનવાની પ્રવૃત્તિમાં વ્યતીત કરવાનો છે. આમ જીવનના ચારેય તબક્કામાં ડૂબકી મારી બહાર નીકળી જવાનું છે. ક્યાંય ગુંગળાઈ જવાનું નથી. આગળનો પંથ તમારી રાહ જોતો ઉભો છે.

કુદરતના તત્વો અને કલ્પના થી મઢયા અને તેમાંથી બ્રહ્મા વિષ્ણુ મહેશની આકૃતિ કંડારાઈ. સર્જન પોષણ (વૃદ્ધિ) અને વિનાશ. જન્મ જીવન અને મૃત્યુનો ક્રમ દર્શાવવા ત્રિમૂર્તિની કલ્પના સાકાર થઈ. ધીરે ધીરે મૂર્તિ પૂજા શરૂ થઈ. 'યજ્ઞ' શબ્દને પેલી ચોક્કસ આકૃતિમાં પુરવા પ્રયત્ન કર્યો છે, પણ સનાતન ધર્મની વ્યાખ્યા આટલી ટૂંકી ન હોય. પ્રત્યેક કાર્ય યજ્ઞ છે. વિદ્યાભ્યાસ એ જો બ્રહ્મ યજ્ઞ છે તો અતિથ્ય કુટુંબ વત્સલતા એ ગૃહસ્થાશ્રમીનો યજ્ઞ છે. આજે જે નેત્ર યજ્ઞ દંતયજ્ઞથી માંડી જાત જાતની ભાવનાત્મક પ્રવૃત્તિઓ થાય છે, તે પણ યજ્ઞ જ બની રહે છે.

ખરેખર સનાતન ધર્મ ક્યાંય બાંધ્યો બંધાય તેવો નથી. જીવનને ચારેય બાજુથી જુઓ, જાણો અને જીવો. જ્યારે વેદો પણ આજ દોહરાવી દોહરાવીને કહે છે. હિન્દુ ધર્મને ક્યાંય સીમા નથી. કુદરતને વળી સીમા કેવી?

આજે હિન્દુ ધર્મમાં અનેક પંથો છે, વાડાઓ છે, સંપ્રદાયો છે, કશું વ્યવસ્થિત નથી એવો આક્ષેપ થાય છે, પરંતુ એ સાચું નથી. અનેક ભગવાનની પૂજા થાય છે કારણ માણસ પોતાની ઈચ્છા, શ્રદ્ધા અને ભક્તિઓ અનુસાર કોઈપણ ઈષ્ટદેવની સ્તુતિ કરી શકે છે. આ સ્વતંત્રતા કેવળ હિન્દુ ધર્મમાં જ છે.

શીવનો ઉપાસક પિતા પોતાના પુત્રની કૃષ્ણભક્તિને અવગણતો નથી, કારણ એ પણ આખરે હિંદુ જ છે. સનાતન મૂલ્યોના પાયા અહીં સ્થિર છે. અરે !મૂર્તિ પૂજા ન કરતો, મંદિરે દર્શન ના કરતો, ધાર્મિક ક્રિયાઓમાં શ્રદ્ધા ન રાખતો

***We suffer a lot the few things we lack and we enjoy too little the many things we have."Enjoy your havings!"Choice is yours!***

માનવી પણ હિન્દુ તરીકે સ્થાન પામી શકે છે. આસ્તિક એવા ઋષિઓ જો સનાતની છે તો નાસ્તિક ગણાતો ચાર્વાક પણ સનાતન ધર્મી કહેવાયો છે. શીખ બૌદ્ધ કે જૈન એ બધા ધર્મોની ઉત્પત્તિમાં પણ સનાતન ધર્મ જ સમાયો છે અને એટલે તેઓ પણ હિન્દુ તરીકે જ માન સ્થાન પામ્યા છે.

આપણે ૩૩ કરોડ દેવતાની કલ્પના કરી છે જેથી સૌ પોતાની હૃદયેચ્છા પ્રમાણે ઈષ્ટદેવની આકૃતિ રચી શકે. મૂર્તિપૂજા એ પણ એક વિશિષ્ટ હેતુસર શરૂ થઈ છે. પ્રત્યેક માનવી એટલો દૃઢ સંકલ્પવાળો ન પણ હોય એટલે તે માત્ર કલ્પનાથી ઈષ્ટદેવની સ્તુતિ ના કરી શકે આથી લક્ષ્ય પ્રાપ્તિ માટે સહાયક મૂર્તિનું અવલંબન લેવાયું. જેમ જેમ મૂર્તિમાં ધ્યાન કેન્દ્રિત કરી આરાધના દૃઢ થાય તેમ તેમ મૂર્તિની આવશ્યકતા ઓછી થતી જાય. જેમ ઈમારતની ટોચે પહોંચવા પગથિયાં જરૂરી છે, તેમ કર્મકાંડ, મૂર્તિપૂજા વગેરેના સાધન થકી પરમતત્વને પામવા પહોંચવાનું છે.

જો મૂર્તિ પૂજામાં જ હિન્દુ ધર્મ સમાય જતો હોત તો, દયાનંદ સરસ્વતીનો આર્ય સમાજ, બ્રહ્મ સમાજ વગેરે નિરાકારના ઉપાસકો હિંદુ ધર્મમાં સ્થાન પામ્યા ન હોત. એ જ રીતે વ્રત, ઉપવાસ, નિયમ વગેરે પણ સિદ્ધિ હાંસલ કરવાનું સાધન છે. વ્રત ઉપવાસથી આપણી ઈન્દ્રિયો કાબુમાં રહે છે. સંયમિત જીવનના પાઠ શીખાય છે. પાંચે ઈન્દ્રિયો અને છઠ્ઠું મન બેકાબૂ બની જતા નથી. જાગરણ કરવાની પ્રથા પણ નિદ્રાને વશમાં રાખવા માટે છે. કહેવાય છે કે લક્ષ્મણ વનવાસ દરમિયાન ક્યારેય નિદ્રા લીધી નથી. હનુમાન વિશે પણ આ જ વાત છે. જેણે ૧૨-૧૪ વર્ષ નિંદ્રા પર સંયમ રાખ્યો હોય તેને જતિ કહેવાય છે. લક્ષ્મણ જતિ અને હનુમાનજતિ ને આપણે એથી જ માન આપીએ છીએને! સમજી શકાય તે માટે તો રામાયણ, મહાભારત, ભાગવત ગીતા, શ્રુતિ સ્મૃતિ, પુરાણો, ઉપનિષદોની રચના થઈ છે. આપણા પર આક્ષેપ છે કે, હિન્દુ ધર્મનું કોઈ એક ધર્મ પુસ્તક નથી. જેમ બીજા ધર્મમાં છે. પરંતુ હિન્દુ ધર્મમાં કોઈ જોહુકમી નથી માથા પર થાપી દીધેલી વાત નથી. જેને જે રીતે સમજાય તે રીતે સમજીને જીવન ઘડવાનું છે. આ જ એક અગત્યની વાત છે.

શુદ્ધ મનોભાવ, સાત્વિક- નિષ્પ્રુહ અને સાથે કલાત્મક જીવન એ જ મહામૂલ્ય માનવજીવન. જીવનના વિરાટ ફલકમાં વિસ્તરવાનું છે. ક્યાંય નીતિ નિયમોની જડતાનો શકંજો નથી. ક્યાંય ઓછો કે અતિશયતા નથી. જીવનવ્યાપ વિશાળ છે. એના વિસ્તારની સીમા નથી. તેથી તો દેવોના રક્ષકો ને દીકપાલ બનાવ્યા. દિશાઓ વડે જ ધર્મને બાંધ્યો છે અને રક્ષ્યો છે, અને એ હેતુ જીવંત રાખવા વર્ષાંતરના ઋતુચક્ર પ્રમાણે તહેવારો ગોઠવ્યા. ધર્મ આપણા ખભા પર લાદેલો બોજો ન બને, ઉલ્લાસ જળવાઈ રહે એ છે, આપણા વિવિધરંગી તહેવારો ઉત્સવોનો આદર્શ.

ટૂંકમાં કહીએ તો હિન્દુ ધર્મ એટલે કુદરતની અખિલાઈની આગળ કલા ઉપર પૂરી શ્રદ્ધા રાખવાનું શીખવતું સોપાન. સનાતન ધર્મ એટલે વિશ્વ નિયંતાને અનોખા આતિથ્યથી આવકારતો સ્નેહાળ યજમાન.

------ ------ ------

***Peace begins with you, don't expect it to come from anywhere else but your inner-being."Choice is yours!***

## ABM TRAVELS

Discover your choice of destination in 2024,
we will make customized tour plan
as per your requirement with choice of selected hotels/resorts, top conditioned AC vehicles with courteous drivers and lots of sightseeing for your comfortable and stress free holidays -
Shimla Manali Dalhousie Dharamshala Amritsar VaishnoDevi
Ladakh kashmir Nainital Corbet Mussoorie
Darjeeling Gangtok Ooty Coorg
kerala Lakshadweep
Andaman Gauhati Shilong Arunachal
Rajasthan MP south India Goa
Nepal Dubai Singapore / Thailand Malaysia
Bali Maldives / Mauritius Vietnam
Religious places and many more.

**Avinash Mehta**
**9820817318**
**abmtravels@gmail.com**

## યોગ પ્રાણ વિદ્યા

હીલિંગ તથા મેડીટેશન પદ્ધતિ

**શું આપ આવી કોઈ બિમારીથી પીડાઓ છો?**

- સ્ટ્રેસ અને ડિપ્રેશન
- મેદસ્વિતા
- સાંધાના દુઃખાવા
- દમ અથવા અસ્થમા
- રોગપ્રતિકારક શક્તિની કમી
- કિડનીની તકલીફો
- પેટની તકલીફો
- હૃદયની તકલીફો
- ખભા અને કમરના દુઃખાવા
- ગર્ભાશયને લગતી બિમારીઓ
- વેરિકોઝ વેઇન
- ડર અને ફોબિયા
- ઊંઘ ના આવવી
- આધાશીશી / માઇગ્રેન
- એલર્જી અને ઈન્ફેક્શન
- રીલેશનશીપની તકલીફો

બધા જ રોગોના નામ લખવા અત્રે શક્ય નથી, પરંતુ આવા ઘણા પ્રકારના શારીરિક તથા માનસિક રોગો માટે યોગ પ્રાણ વિદ્યા (YPV) અસરકારક નિવડેલ છે.

યોગ પ્રાણ વિદ્યા એ સ્પર્શ વગર અને દવા વગર સમગ્રપણે અપાતી સંકલિત પ્રણાલી છે, જેમાં પ્રાણ શક્તિનો ઉપયોગ કરીને બધા જ પ્રકારના શારીરિક તથા મનોદૈહિક રોગોનો ઉપચાર કરી શકાય છે. આ પ્રણાલી આયુર્વેદ, હોમિયોપથી અને એલોપથી જેવી બીજી પ્રણાલીઓની અવેજીમાં નથી. તે આ બધી પદ્ધતિઓને પૂરક રહીને કામ કરે છે જેથી શરીરની પોતાની જાતને સાજા કરવાની કુદરતી ક્ષમતામાં નોંધપાત્ર વધારો થાય છે.

**હીલિંગ શીખવા કે કરાવવા માટે સંપર્ક કરોઃ**

ધવલ ધોળકિયા +૯૧-૯૯૦૪૪૦૪૬૪૫
૨૦+ વર્ષના અનુભવી
મીના ધોળકિયા +૯૧-૯૯૨૫૪૬૦૦૪૬

www.ypvmeraki.com ypvmeraki@gmail.com
+91-9484668989 ypvmeraki YPV Meraki

**અમદાવાદમાં ફ્લેટ ભાડે આપવાનો છે...**
**૨ રૂમ, રસોડું, બંધ ગેલેરી (૧બીએચકે)–**
**સુકૃતિ ફ્લેટસ**
**માણેકબાગ સોસાયટી,**
**નહેરૂનગર પાસે, અમદાવાદ–૧૫**
**સંપર્ક કરો : દીપક બુચ–૯૪૨૭૬૧૬૫૧૧**

## રાજકોટમાં મકાન ભાડે આપવાનું છે..

માત્ર બદલી પાત્ર Insurance Co./બેંક મેનેજર-ઓફીસરને યાજ્ઞીક રોડથી નજીક જાગનાથ પ્લોટમાં સ્વતંત્ર બંગલાનો ગ્રાઉંડ ફ્લોર 2બેડ, હોલ, ડાઇનીંગ, કીચન, સ્ટોર, એસલાઈન, એક એસી, પાર્કીંગ જેવી સુવિધાઓ સાથે માર્ચ-૨૪ પછી, એગ્રીમેન્ટ, ભાડુ+ડીપોઝીટથી આપવાનુ છે.
સંપર્ક:9898243824-(વોટસએપ)
**Email:** c.mukesh356@gmail.com


Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.

**ખાસ નોંધ લેશો કે..**.આ અંકથી બરછી પોસ્ટ / કુરિઅરના વિકલ્પમાં આપે જે રીતે લવાજમ ભર્યુ હોય તે મુજબ મોકલવામાં આવેલ છે. છતાં આ મહિનામાં વધારે લવાજમ આવતાં હોવાથી મારી શરતચૂકથી રીન્યુ કરવામાં ભૂલ થઈ હોય અને અંક કુરિયરને બદલે પોસ્ટથી મળે કે પોસ્ટને બદલે કુરિયરથી મળે તો ગ્રાહક નંબર—સ્ક્રીનશોટ સાથે તુરત જાણ કરવા વિનંતી છે. જેથી આવતા માસથી તે મુજબ અંક મળતા થઈ શકે. હવે મેઈલીગ પ્રોગ્રામમાં પણ પોસ્ટ/કુરિયરનો વિકલ્પ મુજબ રીન્યુ કરવાનો સુધારો થઈ જતાં બંનેની અલગ પ્રિન્ટ નીકળે છે, તેથી હવે પછી આ શરતચૂક—ભૂલને અવકાશ નહી રહે.

**BOOK POST**

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઇન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.